વિધાનસભામાં ગાંધીનગર

- પ્રકાશ જહા

છેલ્લા બે વર્ષમાં ૪૭ નવા ટ્યુબવેલો પાણીના બનાવાયા છે

જિલ્લામાં યોજાયેલ સરકારી કાર્યક્રમો પેટે એસ.ટી.ને ૫૨ લાખથી વધુ ભાડુ ચુકવવાનું બાકી છે : જિલ્લામાં બી.પી.એલ. પરિવારો ૪૪,૫૩૫ છે

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૪૭ નવા ટ્યુબવેલો બનાવવાનું કામ કરવામાં આવ્યુ છે તેમ પાણી પુરવઠામંત્રીએ કોંગીના ધારાસભ્ય બળદેવજી ઠાકોરના લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે.

તેમણે જણાવ્યુ છે કે ૨૦૧૭માં ૨૦ અને વર્ષ ૨૦૧૮માં ૨૭ નવા ટ્યુબવેલો બનાવવામાં આવ્યા છે.

મંત્રીએ પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે કે બે વર્ષમાં કુલ ૧૩ નવી ઓવરહેડ ટાંકીઓ બનાવવાના કામો મંજૂર કરાયા છે. જેમાં ૨૦૧૭માં ૯ અને ૨૦૧૮માં ૪ ઓવરહેડ ટાંકીઓ બનાવવાના કામો મંજૂર કરાયા હતા. આ પૈકી ૮ ટાંકીઓના નિર્માણની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. બાકી રહેતી પાંચ ટાંકીઓના નિર્માણની કામગીરી પણ તેની સમય અવધિમાં જ પૂરી કરી દેવામાં આવશે.

આજ સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યુ છે કે છેલ્લા બે વર્ષમાં પીવાલાયક પાણી નહિ મળતુ હોવાની ૪ ફરિયાદો તંત્રને મળી છે. આ અન્વયે યોજના સુધારણા અને મરામતની કામગીરી કરી ભુતળ સોર્સ આધારિત જુથ પાણી પુરવઠા દ્વારા પાણી પુરવઠો પુરો પાડી રજુઆતોનો સકારાત્મક નિકાલ કરવામાં આવેલ છે.

● એસ.ટી. ભાડુ ચુકવવાનું બાકી

કોંગીના ભરતજી ઠાકોરે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં વાહન-વ્યવહાર મંત્રીએ જણાવ્યુ છે કે છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં સાત સરકારી કાર્યક્રમોમાં એસ.ટી. બસો ફાળવવામાં આવી હતી.

આ પૈકી નિગમને હજુ ભાડા પેટે ચુકવવાની રકમ રૂ. ૫૨,૧૬,૫૯૦ની બાકી છે. આ માટે જે તે વિભાગોની પાસેથી વસુલાત લેવાની બાકી છે તેમનુ ધ્યાન દોરવામાં આવેલ છે.

● બી.પી.એલ. પરિવારો

ગાંધીનગર કોંગીના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ જિલ્લામાં બી.પી.એલ. પરિવારોને લઈ પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં ગ્રામ વિકાસ મંત્રીએ જણાવ્યુ છે કે ૩૧-૧૨-૧૮ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં ૪૪,૫૩૫ નોંધાયેલ બી.પી.એલ. પરિવારો છે.

મંત્રીએ પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે કે ૧-૧-૧૭ થી ૩૧-૧૨-૧૭ સુધીમાં ૬૦ અને ૧-૧-૧૮ થી ૩૧-૧૨-૧૮ સુધીમાં ૩૭ પરિવારોએ આ યાદીમાં તેમનો સમાવેશ કરવા તંત્રને અરજીઓ કરી હતી.

આ પૈકી જિલ્લામાં ૩ અરજીઓ છેલ્લા બે વર્ષમાં મંજૂર કરવામાં આવી છે જ્યારે ૯૪ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે.

● ગ્રાહક સુરક્ષાને ફરિયાદ

ભાજપના બલરાજસિંહ ચૌહાણ અને શંભુજી ઠાકોર તથા ઋષિકેશ પટેલે ગાંધીનગર ખાતે ગ્રાહક સુરક્ષા અન્વયે વડી કચેરીને મળેલ ફરિયાદો અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ

● અનુસંધાન પાન-૭ પર

એસ.ટી. કર્મચારીઓની હડતાલથી ભારે હાલાકી

ગાંધીનગર, તા. ૨૧

એસ.ટી. નિગમના કર્મચારીઓ દ્વારા છેલ્લા ઘણા સમયથી સરકાર સમક્ષ તેમના પડતર પ્રશ્નો અંગે રજૂઆત કરવામાં આવી રહી છે અને આ અંગે સરકાર દ્વારા કોઈ નિર્ણય ન લેવાતા કર્મચારીઓ દ્વારા માસ સી.એલ.નું ગુરૂવારના રોજ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગર જિલ્લાના તમામ ડેપો કર્મચારીઓ માસ સી.એલ.માં જોડાતા બસ વ્યવહાર ખોરવાયો હતો. જે કારણે હજારો મુસાફરોને ભારે હાલાકી ભોગવવી પડી હતી. કર્મચારીઓએ પણ ટસથી મસ ન થતા સરકાર સમક્ષ વિરોધાત્મક કાર્યક્રમો કરીને રોષ પ્રગટ કર્યો હતો.

એસ.ટી. નિગમના કર્મચારીઓ તેમના પડતર પ્રશ્નનો ઉકેલ લાવવા માટે ઘણા સમયથી સરકાર સામે લડત આપી રહ્યા છે. ત્યારે સરકાર દ્વારા આ અંગે કોઈ પગલા ન લેતા ગુરૂવારે સમગ્ર રાજ્યમાં એસ.ટી.ના કર્મચારીઓ માસ સી.એલ. પર ઉતર્યા હતા. ગાંધીનગર જિલ્લાના તમામ ડેપોના કર્મચારી માસ સી.એલ.માં જોડાયા હતા. એક બાજુ ગાંધીનગર, કલોલ, દહેગામ, માણસા ડેપોની ૩૦૦થી વધુ બસો માર્ગ ઉપર ન દોડતા હજારો મુસાફરો અટવાયા હતા. તો બીજી બાજુ ગુરૂવારે લગ્નના મુહૂર્ત હોવાથી આયોજકો દ્વારા બુક કરવામાં આવેલી બસો રદ થતા આયોજકો પરેશાન થઈ ગયા હતા તથા રોજીંદી અવરજવર કરતા મુસાફરોને પ્રાઈવેટ વાહનોનો સહારો લેવો પડ્યો હતો. ગાંધીનગર ડેપો દ્વારા ૧૦૦થી વધુ બસો થકી હજાર જેટલી ટ્રીપોનુ સંચાલન કરવામાં આવી રહ્યુ છે. તે તમામ રદ થતા મુસાફરો ત્રાસી ગયા હતા અને તાલુકા ડેપોની બસો ન દોડતા ગ્રામ્ય વિસ્તારનું સંચાલન પણ ખોરવાઈ ગયુ હતુ. સાથે સાથે એસટી. ડેપોના કર્મચારીની મોટી સંખ્યામાં ઉપસ્થિતિ દ્વારા દિવસ દરમિયાન સરકાર વિરૂદ્ધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. ત્યારે ગાંધીનગરના કર્મચારીઓએ કપડા કાઢીને વિરોધ કર્યો હતો અને મુખ્યમંત્રીનું બેસણું યોજ્યું હતુ.

આરટીઓ કર્મચારીઓ કહે છે...

કર્મચારીઓ કહે છે કે ભરતીના ઓર્ડર મુજબ અમારી ભરતી વર્ગ-૩ કર્મચારી તરીકે કરવામાં આવી છે પરંતુ અમને વર્ગ-૪ જેટલો પગાર મળે છે. જ્યારે અમે વર્ગ-૪ના બોનસ જેવા લાભોની માંગણી કરીએ તો સરકાર દ્વારા કહેવામાં આવે છે કે તમે વર્ગ-૩ના કર્મચારી છો. આજની આ અમારી માસ સીએલથી જાહેર જનતાને મુશ્કેલી ભોગવવી પડી એ અંગે અમને પણ દુ:ખ છે. અમારા પરિવારજનો પણ આ જ વાહનમાં મુસાફરી કરે છે તેઓ પણ આજે હેરાન થયા જ હશે પરંતુ જ્યારે સરકાર પીએમના કાર્યક્રમો યોજવાના હોય ત્યારે અડધી બસોની બાદબાકી કરે છે. તે વખતે પણ જાહેર જનતાને મુશ્કેલી પડે જ છે. સરકાર આ અંગે કેમ જાહેર જનતાનું નથી વિચારતી ?

જીપીએસની સુવિધા જાહેર જનતાને મુશ્કેલી ન પડે તે માટે કરાઈ હતી પરંતુ આ તો હવે અમારા ઉપર નજર રખાઈ રહી છે.

અમે બસ ઉભી રાખીએ તો પણ તકલીફ ન ઉભી રાખીએ તો પણ તકલીફ વધુ પેસેન્જરો લઈએ તો અમારા વિરૂદ્ધ ફરિયાદ નોંધાય છે. નિયમો પાળી બસ ન ઉભી રાખીએ તો અમારા વિરૂદ્ધ ફરિયાદ નોંધાય છે.

કર્મચારીઓ માટે ખાનગી બસો મુકાઈ

સચિવાલયના કર્મચારીઓ માટે પોઈન્ટના બસસ્ટેન્ડે ખાનગી બસો ખડકાતા એસટીના કર્મચારીઓનો ભારે વિરોધ : આરટીઓના કર્મચારીઓને વ્યવસ્થા સોંપાઈ

ગાંધીનગર, તા. ૨૧

એસટીના કર્મચારીઓની રાજયવ્યાપી હડતાલના પગલે દરરોજ અપડાઉન કરતા કર્મચારીઓ-વિદ્યાર્થીઓ અને સામાન્ય મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. પોઈન્ટના બસ સ્ટેન્ડે

કર્મચારીઓની સુવિધા માટે કેટલીક ખાનગી બસો મુકવામાં આવતા તેનો એસટીના કર્મચારીઓએ વિરોધ કર્યો હતો. આરટીઓના અધિકારીઓને ખાનગી બસોનું વ્યવસ્થાપન સોંપવામાં આવ્યું છે.

એસ.ટી. નિગમના કર્મચારીઓ તેઓની માંગણીઓને લઈને હડતાલ પર ઉતર્યા છે. સરકાર સાથે યોજાયેલી મંત્રણાઓનું ચોક્કસ નિરાકરણ ન આવતા એસટીના કર્મચારીઓએ હડતાલને વધુ ઉગ્ર બનાવી છે. મોડી સાંજે હડતાલને વધુ લડાયક બનાવાતા એસટીના કર્મચારીઓ રસ્તા પર ઉતરી આવ્યા છે.

મુસાફરોને પડી રહેલી હાલાકીના પગલે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ખાનગી બસોનુ સંચાલન કરવાનો નિર્ણય લેતા કર્મચારીઓ વધુ ઉગ્ર બન્યા હતા. નવા અને જુના સચિવાલયના અમદાવાદ રહેતા કર્મચારીઓ-અધિકારીઓ માટે ખાસ પોઈન્ટની બસો મુકવામાં આવે છે. એસ.ટી.ની હડતાલના પગલે પોઈન્ટની બસો બંધ રહેતા કર્મચારીઓને ખૂબ તકલીફ પડી હતી. ખાનગી વાહનોમાં ઓફિસ પહોંચેલા કર્મચારીઓને પરત ઘરે જવા માટે સુવિધા ઉપલબ્ધ બની

● અનુસંધાન પાન-૭ પર

એસ.ટી. કર્મચારીઓ કહે છે...

એસ.ટી. બસને અનુલક્ષીને કોઈપણ તકલીફ પડે ત્યારે અમારો વાંક હોય ન હોય અમારા વિરૂદ્ધ જ ફરિયાદ થાય છે અને અમારી બદલી કરાય છે

એસટી વિભાગના કર્મચારીઓ દ્વારા ગુરૂવારે પાળવામાં આવેલ માસ સીએલથી ગાંધીનગર શહેર અને જિલ્લાના મુસાફરોને ભારે હાલાકી ભોગવવી પડી હતી. તો આ તકનો લાભ લઈ ખાનગી વાહનચાલકો જેવા કે શટલીયા, જીપ અને રીક્ષા ચાલકો મુસાફરો પાસેથી વધુ રૂપિયા પડાવતા હોવાનુ ધ્યાનમાં આવ્યુ હતુ. આ બાબતને ધ્યાનમાં લઈ આરટીઓ દ્વારા તાત્કાલિક ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી. જે અંતર્ગત ગાંધીનગર એસટી ડેપોથી મહેસાણા કે અન્ય જગ્યાએ ૪૦થી વધુ મુસાફરોને જવુ હોય તો તેમના માટે વ્યવસ્થા થઈ હતી તો બીજી બાજુ અમદાવાદના વિવિધ વિસ્તારમાંથી અપડાઉન કરતા સચિવાલય અને ઉદ્યોગ ભવનના કર્મચારીઓ માટે પણ ૧૦ જેટલી પ્રાઈવેટ બસોની વ્યવસ્થા કરવામાં આવી હતી.

લોકસભાની સામાન્ય ચૂંટણી – ૨૦૧૯

મતદારયાદીમાં નામ નોંધાવવા માટેની વધુ એક તક

તા.૨૩–૨–૨૦૧૯(શનિવાર) અને તા.૨૪–૨–૨૦૧૯(રવિવાર) ના રોજ ખાસ ઝુંબેશ

મતદારયાદીમાં નામ નોંધાવવા, કમી કરાવવા, ફોટો/વિગતોમાં સુધારો કરાવવા, સ્થળ ફેરફાર કરાવવા શું કરશો ?

- તા.૧–૧–૨૦૧૯ ના રોજ ૧૮ વર્ષ પૂર્ણ કરેલ હોય તે કે તેથી વધુ ઉંમરના નાગરીકનું નામ નોંધાવવા માટે નમૂના–૬ (ઉંમર તથા રહેઠાણના પુરાવા સહિત)માં અરજી કરવી.
- નમૂના–૬ માં આપના પાસપોર્ટ સાઈઝનો કલર ફોટોગ્રાફ નિયત જગ્યાએ ચોંટાડવો, જેથી નામ દાખલ કરતી વખતે મતદારયાદીમાં આપના નામની સામે આપનો ફોટો પણ આવી શકે.
- મતદારયાદીમાં કોઈ નામ સામે વાંધો લેવાનો હોય તો તે માટે અથવા મતદારયાદીમાંથી નામ રદ કરાવવા માટે નમૂના–૭ માં અરજી કરવી.
- મતદારયાદીમાં નોંધાયેલ મતદારનું નામ, ફોટો તથા અન્ય વિગતો સુધારવા નમૂના–૮ માં અરજી કરવી.
- એક જ વિધાનસભા મતવિભાગના એક ભાગમાંથી બીજા ભાગમાં નામ તબદીલ કરવા માટે નમૂના–૮(ક) માં અરજી કરવી.

તા.૨૩–૨–૨૦૧૯, શનિવારના રોજ બપોરે ૧૨–૦૦ થી સાંજે ૫–૦૦ અને તા.૨૪–૨–૨૦૧૯, રવિવારના રોજ સવારના ૧૦–૦૦ થી સાંજે ૫–૦૦ કલાક દરમ્યાન આપના વિસ્તારના મતદાન મથકોએ મતદારયાદીમાં આપના નામની ચકાસણી કરી શકશો, ફોર્મના નમૂના મેળવી શકશો તેમજ ભરેલ અરજીઓ તે જ સ્થળોએ પરત આપી શકશો.

મતદારયાદીમાં નામ કેવી રીતે ચકાસી શકાય ?

- www.nvsp.in પર ઓનલાઈન
- ટોલ ફ્રી નંબર૧૯૫૦ પર કચેરી સમય દરમ્યાન ફોન કરીને
- ચૂંટણી પંચની એન્ડ્રોઈડ મોબાઈલ એપ "VOTER HELPLINE" દ્વારા

યાદ રાખો

આપની પાસે મતદાર ફોટોઓળખપત્ર હશે પણ પ્રવર્તમાન મતદારયાદીમાં નામ નહી હોય તો આપ મતદાન કરી શકશો નહી, આથી જો આપની પાસે મતદાર ફોટો ઓળખપત્ર હોય તો પણ મતદારયાદીમાં આપનું નામ અવશ્ય ચકાસો.

માહિતી/૩૦૩૮/૧૮-૧૯ – મુખ્ય નિર્વાચન અધિકારી, ગુજરાત રાજ્ય.

ગ્રામ્ય વિસ્તારમાંથી સ્વાઈન ફ્લુના વધુ ૩ કેસ મળી આવ્યા

જિલ્લામાં સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા ૨૦ થઈ : આજે નોંધાયેલ કેસમાં બે મહિલા અને એક પુરૂષ દર્દી

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી સ્વાઈન ફ્લુના આજે વધુ ૩ કેસ મળી આવ્યા છે. આ સાથે જિલ્લામાં સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા ૨૦ પર પહોચી છે.

મળતી વિગતો મુજબ આજે નોંધાયેલ ૩ કેસો કલોલ તાલુકામાંથી મળી આવ્યા છે. જેમાં બે મહિલા દર્દી અને એક પુરૂષ દર્દીનો સમાવેશ થાય છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે કલોલ તાલુકાના મણિનગર ગામેથી ૪૨ વર્ષીય પુરૂષ દર્દીને સ્વાઈન ફ્લુ પોઝીટીવ જણાયેલ છે. આ ઉપરાંત ૬૨ વર્ષીય એક વૃદ્ધા જે બાલવાના રહીશ છે તેમને પણ પરીક્ષણ દરમ્યાન સ્વાઈન ફ્લુ પોઝીટીવ જણાયેલ છે. કલોલ તાલુકાના કલ્યાણપુરાની ૪૫ વર્ષીય મહિલાને પણ સ્વાઈન ફ્લુ પોઝીટીવ જણાયેલ છે.

ત્રણેય દર્દીઓને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે જ્યાં તેમની તબિયત સ્થિર હોવાનું જાણવા મળેલ છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે નોંધાયેલ દર્દીઓના રહેઠાણની આસપાસના વિસ્તારોમાં સર્વેલન્સની કામગીરી હાથ ધરવાના આદેશો જારી કરવામાં આવ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી છુટા છવાયા કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતામાં વધારો થયો છે. તંત્ર દ્વારા ગઈકાલે તબીબી અધિકારીઓનો સ્વાઈન ફ્લુને લઈ એક વિશેષ વર્કશોપનું પણ આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા તાકીદ કરાઈ હતી. આ ઉપરાંત સ્વાઈન ફ્લુના દર્દીઓને તપાસતા તબીબી અધિકારીઓને સ્વાઈન ફ્લુ વિરોધી રસી પણ આપવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

૨૩-૨૪ ફેબ્રુઆરીના રોજ ખાસ મતદારયાદી સુધારણા અભિયાન

ગાંધીનગર, તા. ૨૧

લોકસભાની આવી રહેલી ચૂંટણીઓને પગલે આગામી ૨૩ અને ૨૪ ફેબ્રુઆરીના રોજ ચૂંટણી પંચ દ્વારા ખાસ મતદારયાદી સુધારણાનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે.

પંચ દ્વારા આ બે દિવસીય ખાસ ઝુંબેશમાં ૨૩મી ફેબ્રુઆરીના રોજ ૧૨ થી ૫ સુધી મતદાન મથકો ઉપર બી.એલ.ઓ.ને નવા મતદાર નોંધણી માટે સહિતની અરજીઓ આપી શકશે. આજ પ્રમાણે તા. ૨૪મીના રોજ સવારે ૧૦ થી ૫ દરમ્યાન મતદાન મથકો પર બી.એલ.ઓ. હાજર રહેશે અને આ અરજીઓ સ્વીકારશે.

તંત્ર દ્વારા આ મતદારયાદી સુધારણાને લઈ આયોજન તૈયાર કરી અને જરૂરી ફોર્મ સાથે બી.એલ.ઓ.ને જે તે મતદાન મથકોએ પહોંચવા જણાવાયુ છે.

નવુ નામ નોંધાવવા માંગતા મતદારે પાસપોર્ટ સાઈઝનો કલર ફોટોગ્રાફ્સ સાથે લાવવાનો રહેશે. અન્ય વિગતોની સુધારણા માટે પણ નિયત કરાયેલ અરજીઓમાં જ અરજી આપવાની રહેશે.

પંચ દ્વારા આ સુધારણાનો કાર્યક્રમ જાહેર થતાં જ રાજકીય પક્ષો પણ સક્રિય થયા છે. જિલ્લામાં તાજેતરમાં પૂર્ણ થયેલ અભિયાનમાં ૧૨ લાખથી વધુ મતદારો નોંધાયેલા છે.

પંચ દ્વારા શુદ્ધ અને ક્ષતિરહિત મતદારયાદી બને તે માટે ચૂંટણી પૂર્વે આ સંક્ષિપ્ત સુધારણાનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

બોર્ડની પરીક્ષામાં સીસીટીવી સાથે ઓડિયો રેકોર્ડિંગ કરાશે

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી માર્ચ-૨૦૧૯માં લેવાનારી ધોરણ-૧૦, ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને ધોરણ-૧૨ સાયન્સની પરીક્ષાઓ તા.૭મી માર્ચથી શરૂ થવાની છે, શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવતી પરીક્ષાઓમાં સીસીટીવી સાથે ઓડિયો રેકોર્ડિંગ પણ ફરજિયાત કરવાના નિર્દેશો જારી કરાયા છે. પરીક્ષાના ગણતરીના દિવસો પહેલા બોર્ડના આદેશથી શાળા સંચાલકો પણ મૂંઝવણમાં મૂકાયા છે. બીજીબાજુ, ઓડિયો રેકોર્ડિંગ પણ ફરિજયાત બનાવાતાં વિદ્યાર્થીઓએ પણ વર્ગખંડમાં પરીક્ષા આપતી વખતે એકબીજા સાથે વાત કરતી વખતે કે

● અનુસંધાન પાન-૭ પર

જોઈએ છે અનુભવી શિક્ષકો

ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ માટે

પ્રાથમિક અને માધ્યમિક વિભાગ માટે ધોરણ-૧ થી ૧૦ માટે અંગ્રેજી, વિજ્ઞાન ટેક્નોલોજી, ગણિત, સામાજિક વિજ્ઞાન ભણાવી શકે તેવા B.A., M.A. B.Ed શિક્ષકો, B.Sc., M.Sc. B.Ed શિક્ષકો, કમ્પ્યુટર વેબ ડિઝાઈનર (Computer Web Designer)

ઉપરોક્ત વિષય માટે શૈક્ષણિક લાયકાત ધરાવતા અનુભવી વિષય શિક્ષકોએ નીચેના સ્થળે હાજર રહેવું

અનુભવી અથવા નિવૃત શૈક્ષણિક કામગીરી જાણતા ક્લાર્ક જોઈએ છે.

Education For Freedom. સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર

એસ્સાર પેટ્રોલ પંપ નજીક, ચિલોડા-હિંમતનગર હાઈ-વે, મોટી શિહોલી, ચિલોડા, ગાંધીનગર

70 43 60 60 60

તારીખ: ૨૪-૨-૨૦૧૯ રવિવાર

સમય: ૧૦:૦૦ થી ૨:૦૦

SINCE 2007

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT – Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS – Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ

ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા

BRIDGESTONE

apollo go the distance – એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા – CEAT

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com